## રાજકોટનાં મે.૬ઠ્ઠા એડી.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.રાજકોટ

**ફોજદારી કેસ નં . ૫૬૩૩/૨૦૨૫**
**આંક :**

શ્રી સરકાર ::::: **ફરીયાદી**

**વિરૂધ્ધ**

દીનેશભાઈ સજયભાઈ ટમટા ::::: **આરોપી**

**ગુનો: <u>પ્રોહી એકટની કલમ –૬૬(૧)બી મુજબ</u>**

**<u>જજમેન્ટ</u>**

(૧) સદર કામના કેસનું રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી/ઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.નીકલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આરોપીની પ્લી લેતા આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી, ગુન્હા અંગે લેખીતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો આ પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનતાને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે. તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે તેમ છતા આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે.

તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરા રાજય વિ.નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ માં જે કારણો ધ્યાને લીધા, આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થીક પરિસ્થિતી ને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ને ઘ્યાને લેતાં આરોપી સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારુ છુ અને આરોપીને તેમની સામેના ગુનામા તકસીરવાન ઠરાવુ છુ. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ઘ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છુ. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને પ્રોહી એકટની કલમ –૬૬(૧)બી મુજબ સી.આર.પી.સી.કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું. અને સદર ગુના સબબ રૂ. ૧૦૦/– અંકે રુપીયા (સો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરુ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**DATE : 08-03-2025**
**PLACE: RAJKOT**

**(Ms. DAMINI DIXIT)**
**6th ADDL JUDICIAL MAGISTRATE F.C.,**
**RAJKOT.**
**CODE NO.GJ01698**